સ.શિ.પ. / ફેબ્રુ ૨૦૦૩ / --

# સત્સંગ શિક્ષણ પરીક્ષા

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ પ્રવીણ

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨ ]** **(રવિવાર, ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૩)** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના)**

**પ્ર.૧ નીચેના કોઈપણ બે વિષયો વિષે શાસ્ત્રનાં ત્રણ પ્રમાણ આપો.** ૬

૧. સર્વોપરી સમજવાની આવશ્યકતા.

૨. મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત.

૩. નિરાકાર સમજવાથી ખોટ.

૪. અક્ષરબ્રહ્મ : એક અને અદ્વિતીય.

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** ૫

૧. પરોક્ષથી ભવ તણો પાર આવે નહીં, વેદ વેદાંત કહે સત્ય વાણી.

૨. કોટિ કૃષ્ણ જોડે હાથ, કોટિ વિષ્ણુ નમે માથ,
સદ્‌ગુરુ ખેલે વસંત.

૩. મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર.

૪. અવતારાદિક સર્વે મહારાજનું દીધું ઐશ્વર્ય ભોગવે છે ને ભજી ભજીને એવા થયા છે.

૫. બ્રહ્મને જાણે તે બ્રહ્મરૂપ થાય છે.





**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** ૪

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. અક્ષરબ્રહ્મની આવશ્યકતા

(અ) પ્રગટની ભક્તિ માટે

(બ) બ્રહ્મરૂપ થવા માટે

(ક) પુરુષોત્તમ જેવા થવા માટે

(ડ) પરબ્રહ્મને તત્ત્વે સહિત ઓળખવા માટે

૨. પરમાત્માનું સર્વજ્ઞપણું એટલે

(અ) જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લય સંબંધી ઈશ્વરના સંકલ્પો જાણે છે.

(બ) જીવોનાં ભૂત, ભવિષ્ય, વર્તમાનને જાણે છે.

(ક) જીવોનાં સ્થૂળ-સૂક્ષ્મ સર્વ કર્મોને જાણે છે.

(ડ) અક્ષરધામના મુક્તોના સર્વ શુભ સંકલ્પો જાણે છે.

**પ્ર.૪ નીચેનો કોઈપણ એક પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો.** ૪

૧. સ્વરૂપાનંદ સ્વામીએ નરકના કુંડ ખાલી કર્યા.

૨. હું તમારામાં અખંડ રહ્યો છું.

૩. એ તો સર્વજ્ઞ છે, સર્વદક્ષ છે ને ધનવંતર વૈદ્ય છે.

**પ્ર.૫ કોઈપણ બે વિષે વિવરણ લખો.** ૮

૧. અક્ષરપુરુષોત્તમ યુગલ ઉપાસના.

૨. ઉત્પત્તિસર્ગ

૩. સર્વ-કર્તાહર્તા : શ્રીજીમહારાજ

૪. ભગવાનમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં) ૮**

૧. વાઘાખાચરની નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ.

૨. ઉપાસના સમજવી આવશ્યક અને અનિવાર્ય છે.

૩. શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.'

૪. ગોલોક અને વૈકુંઠ ધામો કરતાં અક્ષરધામ સર્વોપરી છે.

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેનાં વાક્યની પૂર્તિ કરો. ૮**

**(ઉપાસનામાં શું સમજવું ?)**

૧. ધામમાં જે પરબ્રહ્મનું ... ... ... ... ... આ શ્રીજીમહારાજ છે.

૨. અક્ષરબ્રહ્મ પણ ધામમાં ... ... ... ... ... નિર્ગુણ કરી મૂકે છે.

૩. આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ ... ... ... ... ... અધિકારી થાય છે.

૪. સગુણપણું અને ... ... ... ... ... સૂક્ષ્મ છે.

૫. પુરુષોત્તમનારાયણની જેમ ... ... ... ... ... અદ્વિતીય છે.

**(ઉપાસનામાં શું ન સમજવું ?)**

૬. મુક્ત અને ... ... ... ... ... જુદા નથી, તેમ ન સમજવું.

૭. શિક્ષાપત્રી અને ... ... ... ... ... શકાય છે, તેમ ન સમજવું.

૮. એકલા અક્ષરબ્રહ્મ ... ... ... ... ... ભેળા છે, તેમ ન સમજવું.

**પ્ર.૮** શિક્ષાપત્રીમાં બ્રહ્મવેત્તાના ધ્યાનનો નિષેધ છે. તો સંતનું ધ્યાન થઈ શકે ? સમજાવો.**૫**

**(વિભાગ-૨ સત્સંગ વાચનમાળા ભાગ-૩ તથા યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ)**

**પ્ર.૯ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. ૬**

૧. ''તેં મારા દેહની કળતર મટાડી છે, હું તારા અંતરની કળતર મટાડીશ.''





૨. ''કણબીનાં છોકરાં ને કૂકડાં ભૂખે ન મરે !''

૩. ''ભારતમાં દુષ્કાળ છે, તેથી વરસાદ વરસે તે માટે પ્રાર્થના કરું છું.''

**પ્ર.૧૦ નીચેનામાંથી કોઈપણ બે કારણ આપો. ૬**

૧. મુક્તાનંદ સ્વામીએ રામાનંદ સ્વામીનું પ્રસાદીનું વસ્ત્ર સગડીમાં નાંખી દીધું.

૨. રઘુવીરજી મહારાજ તીર્થવાસી થઈને જૂનાગઢ ગયા.

૩. વડોદરાથી નીકળી જવા તૈયાર થયેલા નિષ્કુળાનંદ સ્વામી વડોદરા રોકાઈ ગયા.

૪. રઢુના રતનસિંહનો ચામડીનો રોગ ગણતરીના દિવસોમાં જ મટી ગયો.

**પ્ર.૧૧ નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં) ૮**

૧. ગ્રહની ગતિ અટકાવતા ગોપાળાનંદ સ્વામી

**અથવા**

શિવલાલ શેઠની સંયમીદૃષ્ટિ

૨. સ્વામીશ્રીની સેવાભાવના (કોઈપણ બે પ્રસંગો)

**અથવા**

સ્વામીશ્રી વિષે મહાનુભાવોના ઉદ્‌ગારો (કોઈપણ ચાર)

**પ્ર.૧૨ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. ૬**

૧. કુશળકુંવરબાને કોના દ્વારા સત્સંગ થયો ?

૨. ગઢડા સમાગમ માટે ગયેલા પર્વતભાઈ કેટલા દિવસ સુધી ભૂખ્યા રહ્યા હતા ?

૩. અનુભવી આનંદમાં...... કીર્તનના રચયિતા કોણ છે ?

૪. ગુણાતીતાનંદ સ્વામીની પ્રેરણાથી રઘુવીરજી મહારાજે કયો ગ્રંથ રચાવ્યો ?

૫. શિવલાલે ભાવનગરમાં કોને પધરાવ્યા ?

૬. પ્રમુખસ્વામી મહારાજે દાતણની ચીરી કયા ગામે કયા પ્રસંગે ઉપાડી હતી ?

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** **૬**

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કોણે કોણે કર્યો?

(અ) રઘુવીરજી મહારાજ

(બ) પર્વતભાઈ

(ક) નિષ્કુળાનંદ સ્વામી

(ડ) શિવલાલ શેઠ

૨. પર્વતભાઈ

(અ) કારિયાણીના હતા

(બ) ઢોલિયાના સત્સંગી

(ક) દાદાખાચરના ગોલા હતા

(ડ) મહારાજની મૂર્તિમાં ચોવીસ અવતારો લીન થતા જોયા.

૩. કુશળકુંવરબાએ કયા કયા સંતોનો સમાગમ કરેલ ?

(અ) પરમાત્માનંદ સ્વામી

(બ) મુક્તાનંદ સ્વામી

(ક) કૃપાનંદ સ્વામી

(ડ) પરમચૈતન્યાનંદ સ્વામી





**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૪ નીચેના કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** **૨૦**

૧. બીજાના સુખમાં આપણું સુખ છે – પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

૨. હિંદુ સંસ્કૃતિનું પોષક અને સંવર્ધક – અક્ષરધામ

૩. શ્રેય અને પ્રેયની માર્ગદર્શિકા – સત્સંગપ્રવૃત્તિ

❖ ❖ ❖